# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 09-08-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

***************************************************

1) પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાના ગ્રાહકો માટે 12 હજાર કરોડ રૂપિયાની સબસિડીને સરકારની મંજૂરી.

2) ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ GeM દ્વારા વર્ષ 2024-25માં 5 લાખ 40 હજાર કરોડ રૂપિયાની ખરીદી કરવામાં આવી

3) ભાઈ-બહેનના પ્રેમના તહેવાર રક્ષાબંધનની આજે દેશભરમાં ઉત્સાહભેર ઉજવણી.

4) આકાશવાણીના મન કી બાત કાર્યક્રમથી અત્યાર સુધીમાં 34 કરોડ રૂપિયાથી વધુની આવક.

5) અંડર-19 એશિયન બોક્સિંગ ચેમ્પિયનશિપમાં સાત મહિલા સહિત 10 ભારતીય મુક્કેબાજ આજે ફાઇનલમાં રમશે.

.....................................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM UJJWALA YOJANA

સરકારે પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાના ગ્રાહકો માટે વર્ષ 2025-26 માટે 12 હજાર કરોડ રૂપિયાથી વધુના અંદાજિત ખર્ચે સબસિડી ચાલુ રાખવાની મંજૂરી આપી છે. ગઇકાલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી મંત્રીમંડળની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો. માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે આ અંગે માહિતી આપતાં જણાવ્યું કે આ યોજનાનો લાભ 10 કરોડ 33 લાખથી વધુ પરિવારોને મળ્યો છે.

## (બાઇટ- અશ્વિની વૈષ્ણવ, એલપીજી)

સરકારે IOCL, BPCL અને HPCL સહિત ત્રણ જાહેર ક્ષેત્રની તેલ માર્કેટિંગ કંપનીઓ માટે 30 હજાર કરોડ રૂપિયાની વળતર રકમને મંજૂરી આપી છે. ઉપરાંત 4 હજાર 200 કરોડ રૂપિયાના બજેટ સાથે ટેકનિકલ શિક્ષણમાં બહુ-શાખાકીય શિક્ષણ અને સંશોધન સુધારણા યોજના માટે સહાયને પણ મંજૂરી આપી છે.

શ્રી વૈષ્ણવે વધુમાં જણાવ્યું કે સરકારે આસામ અને ત્રિપુરા માટે વિશેષ વિકાસ પેકેજની હાલની કેન્દ્રીય ક્ષેત્ર યોજના હેઠળ ચાર નવા ઘટકોને પણ મંજૂરી આપી છે, જેમાં કુલ 4 હજાર 250 કરોડ રૂપિયા ફાળવવામાં આવશે. સરકારે તમિલનાડુમાં 2 હજાર 157 કરોડ રૂપિયા ખર્ચે ચાર માર્ગીય મરક્કનમ-પુડુચેરી હાઇવેના નિર્માણને પણ મંજૂરી આપી છે.

# GEM-FOUNDATION DAY

ઓનલાઈન ખરીદી માટેની સરકારી વેબસાઇટ ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ GeM દ્વારા નાણાકીય વર્ષ 2024-25 માં 5 લાખ 40 હજાર કરોડ રૂપિયાની ખરીદી કરવામાં આવી.

ગઈકાલે GeM ના નવમા સ્થાપના દિવસે મુખ્ય કાર્યકારી અધિકારી મિહિર કુમારે જણાવ્યું હતું કે આ ડિજિટલ પ્લેટફોર્મે સરકારી ખરીદીને સુલભ, સમાવિષ્ટ અને અસરકારક બનાવી છે. શ્રી કુમારે જાહેર ખરીદીને વધુ સમાન અને સુલભ બનાવવાની પ્રતિબદ્ધતા પણ વ્યક્ત કરી.

## (બાઇટ – મિહિર કુમાર)

# GOVT-TOMATO PRICE

સરકારે કહ્યું છે કે દેશમાં ટામેટાંના છૂટક ભાવ સ્થાનિક કારણોસર વધી રહ્યા છે. તેમણે સ્પષ્ટતા કરી કે ટામેટાંની માંગ-પુરવઠામાં કોઈ અસંતુલન નથી અને તેનું ઉત્પાદન પણ ઘટ્યું નથી. ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયે જણાવ્યું હતું કે જુલાઈના છેલ્લા અઠવાડિયાથી દેશના ઉત્તર-પશ્ચિમ અને ઉત્તરીય પ્રદેશોમાં ભારે વરસાદને કારણે, દિલ્હીમાં ટામેટાંના ભાવ 85 રૂપિયા પ્રતિ કિલો સુધી પહોંચી ગયા હતા.

પરંતુ, આઝાદપુર મંડીમાં ટામેટાંની સતત ઉપલબ્ધતાને કારણે, તેના છૂટક ભાવ હવે નીચે આવી રહ્યા છે. મંત્રાલયે કહ્યું કે ચેન્નાઈ અને મુંબઈ જેવા મોટા શહેરોમાં ટામેટાંના ભાવમાં આટલો વધારો થયો નથી.

## RAKSHA BANDHAN

ભાઈ-બહેનના પવિત્ર પ્રેમનો તહેવાર રક્ષાબંધન આજે દેશભરમાં ખૂબ જ ઉત્સાહથી ઉજવવામાં આવી રહ્યો છે. આજના દિવસે બહેનો પોતાના ભાઈના કાંડા પર રાખડી બાંધે છે અને તેમના લાંબા આયુષ્ય માટે પ્રાર્થના કરે છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સહિત અનેક મહાનુભાવોએ દેશવાસીઓને રક્ષાબંધનની શુભેચ્છા પાઠવી છે.

રાષ્ટ્રપતિ મૂર્મુએ તેમના સંદેશામાં કહ્યું કે આ તહેવાર મહિલાઓના અધિકારોનું રક્ષણ કરવા અને તેમનું સન્માન કરવાના દરેકના સંકલ્પને મજબૂત બનાવે છે. આ પ્રસંગે રાષ્ટ્રપતિએ લોકોને એક એવા સમૃદ્ધ દેશનું નિર્માણ કરવાનો સંકલ્પ લેવા વિનંતી કરી જ્યાં દરેક મહિલા સુરક્ષિત અનુભવે અને રાષ્ટ્રના વિકાસમાં સક્રિયપણે યોગદાન આપી શકે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# RS - MANN KI BAAT

**આકાશવાણીના મન કી બાત કાર્યક્રમથી અત્યાર સુધીમાં 34 કરોડ રૂપિયાથી વધુની આવક થઈ છે. માહિતી અને પ્રસારણ રાજ્યમંત્રી ડૉ. એલ. મુરુગને ગઈકાલે રાજ્યસભામાં આ માહિતી આપી હતી. તેમણે કહ્યું કે આ માસિક રેડિયો કાર્યક્રમ દ્વારા પ્રધાનમંત્રીએ શિક્ષણ, આરોગ્ય, પર્યાવરણ, નવીનતા અને સમાજસેવામાં રોકાયેલા ભારતીય નાગરિકોની પ્રેરણાદાયી વાર્તાઓ રજૂ કરી છે.**

**શ્રી મુરુગને કહ્યું કે દેશભરમાં મોટી સંખ્યામાં લોકો મન કી બાત કાર્યક્રમ સાંભળે છે. તેમણે કહ્યું કે યુટ્યુબ અને ઓટીટી સહિતના ડિજિટલ પ્લેટફોર્મ પર પણ મન કી બાત સાંભળનારા લોકોની સંખ્યામાં વધારો થયો છે. શ્રી મુરુગને કહ્યું કે મન કી બાત દેશનો ટોચનો કાર્યક્રમ છે, જે નાગરિકોને રાષ્ટ્ર નિર્માણમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરે છે.**

# I-DAY-COORDINATION

સ્વતંત્રતા દિવસની ઉજવણી પૂર્વે, ગઈકાલે નવી દિલ્હીમાં વિવિધ કાયદા અમલીકરણ એજન્સીઓ વચ્ચે સહયોગ અને સંકલનને મજબૂત બનાવવાના ઉદ્દેશ્યથી વિવિધ રાજ્યોના પ્રતિનિધિઓની એક બેઠક યોજાઈ. આ બેઠકની અધ્યક્ષતા દિલ્હી પોલીસ કમિશનર એસ.બી.કે. સિંહે કરી હતી.

આ બેઠકમાં હરિયાણા, પંજાબ, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, હિમાચલ પ્રદેશ, ઝારખંડ, ઉત્તરાખંડ, બિહાર, રાજસ્થાન અને છત્તીસગઢના વરિષ્ઠ પોલીસ અધિકારીઓએઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન વરિષ્ઠ અધિકારીઓએ સરહદની દેખરેખ અને શંકાસ્પદ તત્વોની તપાસ સહિત વિવિધ આતંકવાદ વિરોધી પગલાં વિશે માહિતી આપી હતી. દિલ્હી પોલીસ કમિશનરે ગુનાહિત જૂથો સામે કડક કાર્યવાહી કરવા પર ભાર મૂક્યો હતો.

# ASIAN BOXING U-19

અંડર-૧૯ એશિયન બોક્સિંગ ચેમ્પિયનશિપમાં બેંગકોકમાં પોતપોતાના સેમિફાઇનલ મુકાબલામાં સાત મહિલાઓ સહિત 10 ભારતીય મુક્કેબાજો જીત મેળવી આજે સુવર્ણચંદ્રક માટે સ્પર્ધા કરશે.

મહિલા મુક્કેબાજોમાં 54 કિલોગ્રામ વજનગ્રુપમાં નિશા, 57માં મુસ્કાન, 60 માં વિની, 65 માં નિશા, 75 માં આરતી કુમારી અને 80 કિલોગ્રામથી વધુ વજનગ્રુપમાં પારચી ટોકસ ફાઇનલમાં પહોંચી ગયા છે. આ ઉપરાંત 80 કિલોગ્રામ વજનગ્રુપમાં કૃતિકાને ફાઇનલમાં સીધો પ્રવેશ મળ્યો છે.

જ્યારે પુરુષોમાં 65 કિલોગ્રામ વજનગ્રુપમાં મૌસમ સુહાગ, 75 માં રાહુલ કુંડુ અને 90 કિલોગ્રામ વજનગ્રુપમાં હેમંત સાંગવાન ફાઇનલમાં પહોંચ્યા છે.

# NAMIBIA -NSG

નામિબિયાના માહિતી અને સંદેશાવ્યવહાર ટેકનોલોજી મંત્રી એમ્મા થિયોફેલસે કહ્યું છે કે તેમનો દેશ ન્યુક્લિયર સપ્લાયર્સ ગ્રુપમાં જોડાશે. નામિબિયાના મંત્રીમંડળે આ અઠવાડિયાની શરૂઆતમાં આ અંગે મંજૂરી આપી હતી.

ન્યુક્લિયર સપ્લાયર્સ ગ્રુપ એ 48 દેશોનું સંગઠન છે જેનો ઉદ્દેશ્ય પરમાણુ શસ્ત્રોના ફેલાવાને રોકવાનો છે. આ સંગઠન પરમાણુ સામગ્રી, સાધનો અને ટેકનોલોજી અને બેવડા ઉપયોગના પરમાણુ સામગ્રીના સ્થાનાંતરણને નિયંત્રિત કરે છે.

# TRUMP-PUTIN MEETING

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન 15 ઓગસ્ટના રોજ અલાસ્કામાં મુલાકાત કરશે. શ્રી ટ્રમ્પે તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર કહ્યું કે તેઓ શ્રી પુતિન સાથે યુક્રેન યુદ્ધનો અંત લાવવાના પ્રયાસો અંગે ચર્ચા કરશે.

ટ્રમ્પની આ જાહેરાત વ્હાઇટ હાઉસ દ્વારા આર્મેનિયા અને અઝરબૈજાન વચ્ચે શાંતિ કરારની જાહેરાત કર્યાના થોડા કલાકો બાદ આવી, જેના વિશે શ્રી ટ્રમ્પે કહ્યું કે તેઓ વૈશ્વિક સંઘર્ષોના ઝડપી ઉકેલના પક્ષમાં છે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે કરણ મકવાણા

1) આજના મોટાભાગના અખબારોએ અમેરિકાએ ભારત પર લાદેલા ટેરિફ અંગેના સમાચારને મુખ્ય શિર્ષકમાં લીધા છે

2) સંદેશ નું મુખ્ય શીર્ષક છે ટેરિફ મુદ્દો ન ઉકેલાય ત્યાં સુધી ભારત સાથે ચર્ચા નહી -ટ્રમ્પ

3) ગુજરાત સમાચારનુ મુખ્ય શીર્ષક છે ભારત સાથે હાલ કોઈ વેપાર સોદો નહીં -ટ્રમ્પ

4) પુતિન સાથે મોદીનો સંવાદ:ભારત રશિયાના સંબંધો વધુ ગાઢ બનશે આ સમાચારને નવ ગુજરાત સમયે મુખ્ય શીર્ષક બનાવ્યું છે

5) ફુલછાબ લખે છે ટેરીફ સામે ટક્કરની રણનીતિ -મોદી અને પુતિન વચ્ચે ફોન પર વાતચીત

6) દિવ્યભાસ્કરે ભારતે અમેરિકા સાથેનો હથિયાર સોદો અટકાવ્યો -મોદીએ પુતીનને કહ્યું આ મિત્રતા યથાવત રહેશે -આ સમાચારને પહેલા પાને લીધા છે

7) રાજસ્થાન પત્રિકા લખે છે -વ્યાપાર વાર્તા પર અસમંજસ ટ્રમ્પ ઔર વિદેશ મંત્રાલય કે અલગ બયાન

8) દિવ્યભાસ્કર રક્ષાબંધનની ઉજવણીના મૂહરત અંગેના લખે છે- આજે 1 વાગીને 25 મિનિટ સુધી શ્રાવણી પુનમ , રક્ષાબંધન આખો દિવસ

9) ગુજરાત સમાચાર લખે છે રક્ષાબંધનને પગલે ખાનગી બસના ભાડામાં 30થી 50 ટકાનો વધારો